# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

AUDA

સરદાર વલ્લભભાઇ પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-14
ફોન : (ઓફિસ) 27545051 - 54. ફેક્સ : (079)-27545061
ઈ મેઇલ : urban@icenet.net   વેબસાઈટ : www.audaonline.org


અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અમદાવાદ

## જમીન એકત્રીકરણ ભાગ કરવાની અરજીની મંજુરી

શ્રીયુત : **PATEL SAILESH SOMABHAI/A-2 GOKUL APARTMENT OPP-SHIVAM APPT AKHABARNAGAR NAVA VADAJ** સરનામુ : આપે **KHORAJ** ગામના **T.P.57(OGNAJ-GOTA-JAGATPUR-CHARODI-KHODIYAR-KHORAJ)** સ્કીમના

**542/A/1** સર્વે નંબર ના **181** ફા. પ્લોટ નંબરના S.P No: 182

~~એકત્રીકરણ~~ કરવા મા નવા રસ્તા મૂકી પ્લોટ પાડવા અંગેના લેઆઉટ પ્લાન તા.**15/06/2015** ના રોજ નીચે જણાવેલ શરતોને આધીન મંજુર કરવામાં આવ્યો છે અને તે મંજુર થયેલા પ્લાનની સહીવાળી નકલ આ સાથે મોકલવામા આવી છે.

શરતો:-

1 ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 26 થી 49 પ્રમાણે નગર રચના યોજના વિસ્તારમા જમીન આવેલી હશે તો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 26 થી 49 મો જણાવ્યા પ્રમાણેનુ કોઇપણ વિકાસ કામ કરતા પહેલા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની જરૂરી મંજુરી મેળવવી પડશે.લેંડ રેવન્યુ કોડની કલમ 65 પ્રમાણે જમીનનો બિનખેતી ઉપયોગ શરૂ કરતા પહેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રી / કલેક્ટરશ્રીની જરૂરી પરવાનગી મેળવવી પડશે

2 ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 પ્રમાણે આ વિકાસ યોજનાની અને નગર રચના યોજનાની દરખાસ્તો અને રેગ્યુલશનોને આધીન રહીને ~~એકત્રીકરણ~~ ભાગલા પાડવાની રજા સ.નં./ફા.નં. અંતીમખંડ અગર એવી જમીન જો માલીકના કબજામા હશે તે શરતે મંજુરી આપવામા આવી છે.

3 (અ) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 મુજબ વિકાસ યોજના તથા નગર રચના યોજનાનાં રેગ્યુલશની રૂએ જે કોઇ અંકુશ અને શરતો મૂકવામા આવ્યા હોય તેનાથી જો કોઇ નુકસાન થાય તેમ હોય તો આ નુકસાનના કોઇપણ બદલા મગ્યા સિવાય માલિકને તે મુજબ શરતોનો અમલ કરવાનો રહેશે. (બ) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 મુજબ આપેલ વિકાસ માટેની પરવાનગીમાં જે શરતો મૂકી હશે તે શરતો પણ માલિકે પાળવાની રહેશે.

4 ~~એકત્રીકરણ~~/ ભાગલાની આપેલ મંજુરીની અંદર બનાવેલી શરતો માંથી કોઇપણ શરતોનો ભંગ કરવામા આવશે તો અમદાવાદ શહેરી વિકસ મંડળ તે શરતોનો અમલ કરાવી શકશે અને અમદાવાદ શહેરી વિકાસ મંડળના તેવા કૃત્યને લીધે જે કોઇ નુકસાન, ખોટ કે હરકત માલિકને થાય તે બદલ કોઇ પણ બદલા મળી શકશે નહિં.

5 ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 98 પ્રમાણે ફરિયાદ કરવામા આવશે અને તે શરત ભંગ તેમા જણાવ્યા પ્રમાણે દંડને પાત્ર રહેશે.

6 અંતિમખંડની હદ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર રહેશે.

7 મંજુર કરેલી ~~એકત્રીકરણ~~ / ભાગલા પ્લાનમા નિયમાનુસાર રસ્તાઓ મુકવાના રહેશે.

8 બાંધકામ માટેના પ્લાન યુ.એલ.સી. હેઠળ મળેલ એન.ઓ.સી. ની શરતો તેમજ અન્ય નિયમો પ્રમાણે બનાવી વિકાસ પરવાનગી માટે રજુ કરવાના રહેશે.

9 આ પરવાનગીની કોઇપણ શરતોનો ભંગ થતા આ પરવાનગી આપોઆપ રદબાતલ થયેલી ગણાશે, અને ગેરકાયદેસરનુ ગણી તે પરત્વે કાયદાનુસાર પગલાં લેવા પાત્ર થશે.

ખાસશરત : નામ સુપ્રિમ કોર્ટ SLP(CIVIL) નં. ૪૪૫૦-૪૪૫૧/૨૦૧૪ માં જે આખરી જજમેન્ટ આવે તે બંધનકર્તા રહેશે. તે બાબતે અરજદારશ્રીએ આપેલ બાંહેધરી પત્રકને આધીન આ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

રવાના કર્યું, મારફત

મદદનીશ નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

નોંધપર ચેરમેનશ્રીની સહી છે

સીનીયર નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

ક્રમાંક: PRM/227/5/2012/254
તારીખ: 15/06/2015

2 3 JUN 2015